વંચાણે:- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના શ્ર.આ./ટે.૩/૨૬૧ થી ૨૮૧/૨૦૨૫, તા.૨૯/૦૩/૨૦૨૫

## :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની જુદી-જુદી શિક્ષણ, સંશોધન, તથા વિસ્તરણની તમામ કચેરીઓ તથા તમામ યુનિટ-સબ યુનિટની કચેરીઓને જણાવવાનુ કે, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉકત વંચાણે લીધેલ પરિપત્રથી મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવાનુ ખાસ ભથ્થુ તા.૦૧.૦૪.૨૦૨૫ થી તા.૩૦.૦૯.૨૦૨૫ સુધીના ૬(છ) માસના સમય માટે દૈનિક રૂ.૪૫.૫૦(અંકે પિસ્તાળીસ રૂપિયા અને પચાસ પૈસા પુરા)લેખે નક્કી કરવામાં આવેલ છે જેથી મુળ વેતનના દરો ઉપર **તા.૦૧.૦૪.૨૦૨૫ થી તા.૩૦.૦૯.૨૦૨૫ સુધીના ૬(છ) માસ માટે નીચે મુજબ ખાસ ભથ્થુ ચુકવવાનુ રહેશે.** જે નીચે મુજબ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર + ખાસ ભથ્થુ (રૂપિયા) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧. | કુશળ | ૪૭૪.૦૦ + ૪૫.૫૦ =૫૧૯.૫૦ | ૪૬૨.૦૦+ ૪૫.૫૦ = ૫૦૭.૫૦ |
| ૨. | અર્ધ કુશળ | ૪૬૨.૦૦+ ૪૫.૫૦ = ૫૦૭.૫૦ | ૪૫૨.૦૦ + ૪૫.૫૦ =૪૯૭.૫૦ |
| ૩. | બિન કુશળ | ૪૫૨.૦૦ + ૪૫.૫૦ =૪૯૭.૫૦ | ૪૪૧.૦૦+ ૪૫.૫૦ =૪૮૬.૫૦ |

**વંચાણે લીધેલ ક્રમ-૧ થી જાહેરનામાના હેતુ માટે નીચે મુજબનુ સ્પષ્ટીકરણ કરેલ છે.**

**ઝોન-૧ :** ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

**ઝોન-૨,** ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયના તમામ વિસ્તારનો સમાવેશ થશે.

**પ્રસ્તુત, પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૪૨૧૬ - ૨૬૫/૨૦૨૫.**
**નવસારી. તારીખ:૨૨/૦૪/૨૦૨૫.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ

૨. સિક્યુરીટી એજન્સી(મારફત : સંશોધન નિયામકશ્રી) તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

વધુમાં જણાવવાનુ કે ઉપરોકત દર સિક્યુરીટી ગાર્ડને પણ લાગુ પડશે જેની જાણ તથા અમલ થવા સારૂ.